# જન્માષ્ટમી ( HAPPY BIRTH DAY KRISHNA )

આત્મીય સૂહદ જન.

માત્ર બે મિનિટ સમય કાઢીને મારી વાત ધ્યાનથી વાંચજો.

શ્રીકૃષ્ણ ભગવાન જન્મ દિવસ એટલે જન્માષ્ટમી. તો આપણે જન્માષ્ટમી કઈ રીતે ઉજવીએ છીએ ?? કઈ રીતે ઉજવી શકીએ ??એ પણ વિચારવું જરૂરી છે, શ્રીકૃષ્ણના મંદિરમાં, સોસાયટીના ચોકમાં કે શેરીના નાકે શ્રીકૃષ્ણ ભગવાનના જન્મની ઉજવણી નિમિત્તે રાત્રે પ્રોગ્રામ થાય છે અને જન્મદિવસની ઉજવણી કરીએ છીએ. કોઈ કૃષ્ણના ભજન રાખે છે, અને કોઈ ઉપવાસ રાખશે એ રીતે જન્મદિવસની ઉજવણી કરશે એ બધુ કરવું પણ બરાબર છે , પરંતુ જ્યાં સુધી શ્રીકૃષ્ણ જીવનને સાચી રીતે બરાબર સમજીએ નહીં , ત્યાં સુધી એમની જન્માષ્ટમીની ઉજવણી પૂર્ણ થઈ કહેવાય નહીં. પરિવારના સૌ નાના બાળકોથી માંડીને મોટી ઉંમરના સુધી સૌને શ્રીકૃષ્ણના વિશે સાચી સમજણ જરૂરી છે.

કૃષ્ણ કોણ હતા ?? એમની સાચી ઓળખાણ કઈ રીતે થાય ? એના વિશે બીજા કોઈ કહે અને સાચું માની લઈએ અથવા કોઈ કૃષ્ણ વિશે નેગેટીવ કહે અને નેગેટીવ વિચારી લઈએ એના કરતા કૃષ્ણ વિશે અભ્યાસ કરવો જરૂરી છે. કૃષ્ણ વિશે અભ્યાસ કરવા માટે ચાર શાસ્ત્ર નો અભ્યાસ કરવો જરૂરી છે, એટલે કે મહાભારત, હરિવંશ પુરાણ, શ્રીમદ ભાગવત પુરાણ અને વિષ્ણુ પુરાણ. આ ચાર ગ્રંથોનો તટસ્થ દૃષ્ટિ રાખી અભ્યાસ કરવો જરૂરી છે. અથવા જે મહાજનએ અભ્યાસ કર્યો છે એવા કોઈ તટસ્થ વ્યક્તિ- મહાજનનું પ્રવચન you tube કે બીજા કોઈ સોશિયલ મીડિયા દ્વારા સમદ્રષ્ટિ રાખી સાંભળવું જરૂરી છે, જેને આપણે હિન્દુ ધર્મ કહીએ છીએ, એ ખરેખર તો સત્ય સનાતન વૈદિક ધર્મ છે અને એક હિંદુ તરીકે, સનાતન ધર્મ વિશે પણ આપણી પાસે માહિતી હોવી જરૂરી છે. શું આપણી પાસે પર્યાપ્ત માહિતી છે?? આપણી જાતને હિન્દુ કહી શકીએ એ "હિન્દુ" શબ્દ ની વ્યુત્પત્તિ વિશેની જાણકારી છે?? શું ચાર વેદ , 108 ઉપનિષદો, ગીતા, મહાભારત, રામાયણ કે 18 પુરાણમાં કે કોઈ સ્મૃતિ ગ્રંથ માં ક્યાંય હિન્દુ શબ્દ વાંચવામાં કે જોવામાં આવ્યો છે? હિન્દુ ધર્મ એવું નામ કેમ પડ્યું ? ક્યારે પડ્યું? એ પણ જાણવું જરૂરી છે, સત્ય સનાતન વૈદિક ધર્મની માહિતી જો આપણી પાસે નથી, તો આજના દિવસે એ જાણકારી મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

સત્ય સનાતન વૈદિક ધર્મ અને ઈશ્વરનું પ્રતિનિધિત્વ કરતા ભગવાનના દશ અવતાર વિશે આપણી પાસે જાણકારી ખૂબ જ જરૂરી છે. હિન્દુ તરીકે આપણે પોતાની જાતને માનીએ છીએ તો હિન્દુ ધર્મ એટલે કે સત્ય સનાતન વૈદિક ધર્મના શાસ્ત્રો આપણા ઘરમાં છે ??અને ક્યાંક ભૂલથી ઘરમાં આવ્યા હશે તો એનું આપણે અભ્યાસ કર્યો છે ?? બીજા ધર્મના લોકોને અથવા અન્ય કોઈ વિદેશી લોકોને આપણો સત્ય સનાતન વૈદિક ધર્મ પણ શ્રેષ્ઠ કઈ રીતે છે? , એ કહી શકવાની આપણામાં સમજણ અને આવડત છે? આત્મીય સૂહદજનો. ચાહે કૃષ્ણ જન્માષ્ટમી હોય કે રામ નવમી હોય ત્યારે ઓછામાં ઓછું એક કલાક ઈશ્વરનું પ્રતિનિધિત્વ કરતા માનવ તરીકે અવતાર લેનાર આપણા ભગવાન વિશે જાણવું જરૂરી છે .અને સાથે સાથે પરિવારના સૌ સભ્યોને જણાવવું જરૂરી છે. તો આજે ઘર માં બેસી ને પણ આ બાબતે કંઈક વિચાર કરીએ. જય માતાજી. જય ભગવાન .જય પરમાત્મા.જય IAG.

" અંતરની એરણ થી "

~આજા માનવના જય પરમાત્મા.